# Visit of External Affairs Minister to Bangkok, Thailand (August 16-18, 2022) to co-chair the 9th Joint Commission Meeting between India and Thailand

## ભારત અને થાઈલેન્ડ વચ્ચે 9મી જોઈન્ટ કમિશનની મીટિંગની સહ-અધ્યક્ષતા કરવા માટે વિદેશ મંત્રીની થાઈલેન્ડનાં બેંગકોકની મુલાકાત )16-18 ઓગસ્ટ, 2022)

18 ઓગસ્ટ, 2022

ડૉ. એસ. જયશંકર દ્વારા થાઈલેન્ડનાં નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી મહામહિમ શ્રીમાન ડોન પ્રમુદવિનાજ સાથે ભારત-થાઈલેન્ડ જોઈન્ટ કમિશનની 9મી મીટિંગની સહ-અધ્યક્ષતા કરવા માટે થાઈલેન્ડમાં બેંગકોકની અધિકૃત મુલાકાત લીધી હતી.

જોઈન્ટ કમિશનની મીટિંગ સ્નેહપૂર્ણ અને મૈત્રીપૂર્ણ વાતાવરણમાં યોજાઇ હતી. બન્ને મંત્રીઓએ પારસ્પરિક હિતનાં બૃહદ શ્રેણીમાં મુદ્દાઓની ચર્ચા કરી હતી અને રાજકીય, સંરક્ષણ અને સુરક્ષા, આર્થિક અને વાણીજ્યીક, કનેક્ટિવિટી, પ્રવાસન અને લોકોનાં પરસ્પરનાં જોડાણો સહિતનાં વિવિધ ક્ષેત્રોમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી. મંત્રીઓએ ભારત અને થાઈલેન્ડ વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 75મી વર્ષગાંઠનાં ઐતિહાસિક પ્રસંગની ઉજવણી કરવાની પ્રવર્તમાન પ્રવૃત્તિનું સ્વાગત કર્યું હતું. બન્ને પક્ષોએ પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને બહુપક્ષીય મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાનપ્રદાન પણ કર્યું હતું અને બન્ને દેશો વચ્ચે પ્રવર્તમાન બહુઆયામી ભાગીદારીને વધારે મજબુત કરવાની તેઓની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ વાર્તાલાપ બાદ બન્ને મંત્રીઓ દ્વારા સંબંધવામાં આવેલ જોઈન્ટ પ્રેસ કોન્ફરન્સ રાખવામાં આવી હતી. જોઈન્ટ કમિશનની મીટિંગ 16 ઓગસ્ટ 2022 નાં રોજ યોજવામાં આવેલ વરિષ્ઠ અધિકારીઓની મીટિંગનું અનુગમન હતી જેમાં બન્ને પક્ષોએ પ્રાંતિય અને બહુપક્ષીય મુદ્દો સાથે દ્વિપક્ષીય સહકારનાં વિવિધ ક્ષેત્રો પર વિગતવાર ચર્ચાઓ યોજી હતી.

વિદેશ મંત્રે થાઈલેન્ડમાં ભારતીય સમુદાયને સંબોધન કર્યું હતું અને સંવાદ કર્યો હતો અને ભારતની સ્વતંત્રતાની 75મી વર્ષગાંઠનાં વિશેષ પ્રસંગ વિશે વાત કરી હતી જે ભારત-થાઈલેન્ડ રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 75મી વર્ષગાંઠ સાથે સંયોગ પણ ધરાવે છે. વિદેશ મંત્રીએ બન્ને દેશો વચ્ચે સાંસ્કૃતિક અને લોકોનાં પરસ્પરનાં જોડાણો સાથે મજબૂત આર્થિક અને વાણિજ્યીક જોડાણો ઘડવામાં સક્રિય રીતે યોગદાન આપવા માટે ભારતીય સમુદાયને આહ્વાન પણ કર્યું હતું. તેઓએ ભારતનાં વતનનાં લોકોને સુવિધા આપવાનાં અને તેઓને ભારતથી નિકટ લાવવાનાં ધ્યેય ધરાવતી ભારત સરકારની પહેલ પર પણ પ્રકાશ પાડ્યો હતો.

વિદેશ મંત્રી થાઈલેન્ડનાં વડાપ્રધાન મહામહિમ જનરલ પ્રાયુત ચોન-ઓ-ચા ને મળ્યા હતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફથી શુભેચ્છાઓ અને શુભકામનાઓ પાઠવી હતી. તેઓએ ભારત-થાઈલેન્ડ રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 75મી વર્ષગાંઠનાં પ્રસંગ પર થાઈલેન્ડનાં વડાપ્રધાનને અભિનંદન પણ પાઠવ્યા હતા અને દ્વિપક્ષીય

અને બહુપક્ષીય સહકારમાં થયેલી પ્રગતિથી તેઓને માહિતગાર કર્યા હતા. તેઓએ મહત્વનાં પ્રાંતિય અને વૈશ્વિક વિકાસો પર દ્રષ્ટિકોણોનું આદાનપ્રદાન પણ કર્યું હતું.

વિદેશ મંત્રી અને થાઈલેન્ડનાં નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી મહામહિમ શ્રીમાન પ્રમુદવિનાજ દ્વારા સંયુક્ત રીતે નવનિર્મિત દૂતાવાસ ભવન અને આવાસ સંકુલનું ઉદ્ઘાટન કર્યું હતું.

વિદેશ મંત્રીએ બેંગકોકમાં પ્રતિષ્ઠિત ચુલાલોંગકોર્ન યુનિવર્સિટી ખાતે "ઈન્ડો-પેસિફિક પર ભારતનું વિઝન" વિષય પર જાહેર સંબોધન વક્તવ્ય આપ્યું હતું. આ વક્તવ્યમાં સંશોધકો, વિદ્વાનો, વિચારકો અને વિદ્યાર્થીઓ સહિત થાઈલેન્ડનાં શિક્ષણ જગતનાં સભ્યોએ સારી માત્રામાં હાજરી આપી હતી. આ વક્તવ્ય બાદ પ્રશ્ન અને જવાબનું સત્ર હતું.

વિદેશ મંત્રીની થાઈલેન્ડની મુલાકાત દરમિયાન, તેઓએ થાઈલેન્ડનાં નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી સાથે જોઈન્ટ કમિશનની મિટિંગની સંમત મિનીટો પર હસ્તાક્ષર કર્યા હતા, જે દ્વિપક્ષીય સંબંધોનાં આગળનાં ક્રમમાં માર્ગદર્શન કરશે. બન્ને મંત્રીઓએ (i) ભારતની ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રીસર્ચ (ICMR), અને થાઈલેન્ડનાં ડીપાર્ટમેન્ટ ઑફ મેડિકલ સાયન્સિસ વચ્ચે તબીબી સંશોધન સહકાર પર એમઓયુ; (ii) ભારતની પ્રસાર ભારતી અને થાઈલેન્ડની થાઈ બ્રોડકાસ્ટિંગ સર્વિસ વચ્ચે પ્રસારણ પર સહકાર અને ગઠબંધન માટેનાં એમઓયુ પર હસ્તાક્ષર કરવાનાં સાક્ષી બન્યા હતા.

**નવી દિલ્હી**
**18 ઓગસ્ટ, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.